ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૭૫ ટકા

# શહેરમાં ઈન્ટરનેટ ટ્રાફિકીંગની સમસ્યા

## શહેરના તમામ વર્ગ દ્વારા ઈન્ટરનેટનો વપરાશ વધતો જઈ રહ્યો છે જેને કારણે ઈન્ટરનેટ ટ્રાફિકીંગની તથા નેટવર્ક કનેકટીવીટીની સમસ્યા વધતી જઈ રહી છે

ગાંધીનગર, તા.૧૪

કોરોનાને કારણે રોજીંદી પ્રક્રિયા સાથે ટેવો-કુટેવોમાં સુધારા વધાર કરવા પડી રહ્યા છે. બાળકોથી લઈ મોટા તમામ કોરોના લોકડાઉન તથા અનલોક દરમિયાન ઘણી ખરી મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે ત્યારે હાલ ભણતર પણ ઓનલાઈન કરવામાં આવ્યું છે અને આ સાથે અમુક ક્ષેત્રોમાં ઓનલાઈન વર્ક ફ્રોમ હોમ આપી દેવાયું છે અને સાથે સાથે કોરોનાના ડરથી તમામ માટે હાલ મનોરંજનનું સાધન ઈન્ટરનેટ જ છે ત્યારે મોબાઈલ ડેટા તથા બ્રોડ બેન્ડનો વપરાશ વધ્યો છે. પાછલા ત્રણેક મહિનાના લોકડાઉનના સમયથી લઈ હાલ સુધી મોટા ભાગના શહેરીજનો ઘરે છે અને જે ઘરની બહાર કામ કરવા માટે જઈ રહ્યા છે ત્યારે ઘરે આવીને ઈન્ટરનેટનો ઉપયોગ તો કરે જ છે. બાળકો સ્કૂલે જતા એટલે દિવસનો એક કલાલ માંડ ફોન રમતા પણ ઓનલાઈન શિક્ષણ થવાથી બાળકો દ્વારા પણ ઈન્ટરનેટનો વપરાશ વધ્યો છે. વર્ક ફ્રોમ હોમ કરનાર કર્મચારીને પણ ઓફિસના સમયે ઈનટરનેટ જરુરી છે ત્યારે આ દરેક કારણોસર ઈન્ટરનેટ ટ્રાફિકીંગનું પ્રમાણ વધ્યું છે અને શહેરના અમુક વિસ્તારમાં તો નેટવર્ક કનેકટીવીટના પણ ઘણા પ્રોબ્લેમ છે. જેને લીધે



મોબાઈલ કંપની તથા બ્રોડબેન્ડ કંપનીના કસ્ટમર કેર સેન્ટરની બહાર પણ વધુ પ્રમાણમાં લાઈન જોવા મળે છે. શહેરમાં ખાસ કરીને અમુક વિસ્તારમાં વોડાફોન અને એરટેલનું નેટવર્ક આવતું જ નથી. કસ્ટમર કેર નંબર પર ફોન કરતા લાઈન કનેકટ થતી નથી અથવા તો કોલ જ લાગતો નથી. કસ્ટમર કેર સેન્ટરની મુલાકાતે કોરોનાના ડરથી અમુક શહેરીજનો જતા નથી અને જે જાય છે તેમને લાંબી લાઈનોમાં ઉભું રહેવું પડે છે. મોબાઈલ ડેટાનો વપરાશ નગરમાં એટલો વધી ગયો છેકે લગભગ દરેકના ફોનમાં એક દિવસની સ્કિમ મુજબનો ડેટા પૂર્ણ થઈ જ જાય છે. આ ઉપરાંત બ્રોડ બેન્ડની સેવાની વાત કરીએ તો જીટીપીએલ, ટીકોના અને જીઓ હાલ ખાસ ચલણમાં છે ત્યારે એક કરતા વધુ ડીવાઈઝ કનેકટ થાય એટલે સ્પીડ ઘટી જાય છે. અને પછી દિવસ દરમિયાન સ્પિડ જ નથી આવતી. સવારના ૮ થી ૧૨નો સમય અને સાંજના ૬થી ૧૨ પછીના સમય દરમિયાન સૌથી વધુ ઈન્ટરનેટ ટ્રાફિકિંગનો ઈશ્યુ થઈ રહ્યો છે. હવે મોબાઈલ કંપની આ પ્રશ્નોનું નિરાકરણ લાવે અને બ્રોડ બેન્ડ કંપનીઓ પણ નેટવર્ક કનેકટીવીટીમાં શહેરના દરેક વિસ્તારમાં સુધારો વધારો કરે તેવી શહેરીજનોની માંગ છે.



'પેટ કરાવે વેઠ...' એ કહેવત કઈ અમથી જ નહીં પડી હોય. પેટનો ખાડો પૂરવા મહેનત મજૂરીથી લઈને સૂકા લાકડા વિણવા સુધીની મજુરી કરવી પડે છે તે તો જેને આવી વેઠ કરવી પડે છે તેને જ સમજાય. ઉજ્જવલા યોજના હેઠળ ઠેર ઠેર ગેસના ચુલાનું વિતરણ તો કરવામાં આવ્યું પરંતુ રાંધણ ગેસનો બાટલો એટલો મોંઘો પડે છે કે ગરીબ પરિવારોને ના છૂટકે બળતણ માટે લાકડાનો ઉપયોગ કરવો પડે છે. વળી વરસાદી વાતાવરણમાં સૂકા લાકડાંઓ ન મળવાની મુશ્કેલીનો સામનો પણ કરવો પડે છે.

# ઘરફોડ-લુંટ કરતી ટોળકીને એલસીબી-૨ એ ઝડપી પાડી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા તપોવન સર્કલથી અગોરા મોલ તરફ જતા સર્વિસ માર્ગ પરથી રાત્રીના સમયે વોકસવેગન પોલો ગાડીમાં બેસી રહેલા ચાર શખ્સોને એલસીબી-૨ પોલીસે દબોચી લીધા હતા. આ ગેંગ કુકડવાડા ગામમાં સોનીની દુકાનમાં ચોરી કરવાના પ્લાન સાથે ગાંધીનગર પાસે એકઠી થઈ હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૧ પીસ્ટલ, ૩ જીવતા કારતુસ, છરો, સળીયો, પક્કડ, સહિતના સાધનો મળી આવ્યા હતા. એલસીબી પોલીસે પકડી પાડેલા તમામ ઈસમો સામે હથીયાર ધારા હેઠળ અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાની સુચનાથી એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાની ટીમ સંબંધી ગુનાઓ ડામવા સક્રિય હતી. ત્યારે મળતી માહિતી મુજબ એલસીબી-૨ પોલીસની ટીમ અડાલજ વિસ્તારમાં રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતી તે સમયે સાથે રહેલા હે.કો.કેવલસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે રાત્રીના એક વાગે તપોવન સર્કલ થી અગોરા મોલ તરફ જતા માર્ગ પરથી નંબર વિનાની વોકસવેગન પોલો કારમાંથી ચાર ઈસમોને પકડી પાડ્યા હતા. પોલીસે પકડી પાડેલા શખ્સોમાં ઈકબાલ ઈસાભાઈ બાબરીયા (ઉં.૨૯ નુરેમહમદી સોસા. સુરેન્દ્રનગર), સાગર ભરતકુમાર જાની (ઉં.૩૧ એટલાન્ટીક પાર્ક સુઘડ), અર્પણ ઉર્ફે સન્ની જગદીશગીરી ગોસ્વામી (ઉં.૨૭



પાશ્વનાથ ટાઉનશીપ નવા નરોડા), જનકકુમાર ઘનશ્યામભાઈ પટેલ (પરબડીવાસ ખેરોલ સાબકાંઠા)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી પિસ્ટલ, ૩ કારતુસ, છરો, સળીયો, પક્કડ રોકડા રૂ.૧૨૭૫, ૬ નંગ મોબાઈલ અને કાર મળી રૂ.૨,૭૧,૨૭૫ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે ઝડપી પાડેલી ટોળકીના સભ્યો કુકરવાડા ગામમાં આવેલી સોનાની દુકાનમાં ચોરી કરવાનો પ્લાન તૈયાર કર્યો હતો. જેને માટે તેઓએ રેકી પણ કરી હતી, સાગરજાની અને અર્પણ ગોસ્વામી સામે સે-૭ પોલીસ મથકમાં હનીટ્રેપ તેમજ મુંબઈ ખાતે સોનાના બિસ્કીટની ખરીદીમાં રૂ.૩૦ લાખની છેતરપિંડીનો ગુનો નોંધાયેલો છે. જયારે ઈકબાલ બાબરીયા સામે સુરેન્દ્રનગર સીટી પોલીસ મથકે ૩ ઘરફોડ, રાયોટીંગ અને પોલીસ પર હુમલાના કેસ નોંધાયેલા છે.

# ખોરજ ખાતેથી ટેસ્ટડ્રાઈવના નામે બોલેરો ગાડી લઈ શખ્સ ફરાર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા ખોરજ ખાતેથી ટેસ્ટ ડ્રાઈવના નામે એક ઈસમ બોલેરો ગાડી લઈ ફરાર થઈ ગયો છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.


મળતી માહિતી મુજબ ખોરજ શાલીગ્રામ લેકવ્યુ ખાતે રહેતા દુષ્યંત ડાહ્યાભાઈ દેસાઈએ પોતાની બોલેરો ગાડી વેચાણ માટે મુકી હતી. ધંધાકીય લેવડ-દેવડને પગલે દુષ્યંતભાઈનો પરિચય મહેસાણાના ભરતભાઈ ખેતાભાઈ દેસાઈ (ઝીલીયા આશ્રમ પ્રાથમિક શાળા પાસે) સાથે થયો હતો. ફરીયાદીની બોલેરો ગાડી ભરતભાઈએ ગત વર્ષે ઓકટોબરમાં વેચાણ કરી આપી હતી.ત્યારબાદ માર્ચ-૨૦ માં ભરતભાઈ ફરીયાદી પાસે આવ્યા હતા અને તેમની બીજા બોલેરો વેચાણ કરી આપશે તેમ જણાવ્યું હતું. જેથી ફરીયાદીએ તેમને પોતાની જી.જે.૦૨.સી.જી.-૫૮૫૫ નંબરની ગાડી બતાવી હતી. આ સમયે ટેસ્ટ ડ્રાઈવ માટે નીકળેલા ભરત દેસાઈ બહુ જ વાર થતા ફરીયાદીએ ફોન કરતા ડીઝલ ખલાસ થઈ ગયું છે પુરાવીને આવુ છુ. ત્યારબાદ બીજીવાર ફોન કરતા ગાડી ગ્રાહકને બતાવીને આવવાનું કહ્યું હતું.ત્યારબાદ ગાડી અંગે વાંરવાર ફોન કરતા ભરતભાઈએ ગાડી આપવા અગે બહાનાબાજી કરીને ત્રણ માસનો સમય પસાર કર્યો હતો. જેથી ફરીયાદીએ આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગાડીની શોધખોળ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જાહેરમાં ન થુંકવાની લોક જાગૃત્તિ આપવા અને ગ્રાહક સાથે અંતર જાળવવા માટે એસ.ટી. ડેપો નજીકના પાન પાર્લરના માલિકનો નવો કિમીયો

ગાંધીનગર, તા.૧૪

સ્વચ્છતા હોય ત્યાં પ્રભુતા તેવી લોકમુખે વાત થતી હોય છે. હાલના સમયમાં સ્વચ્છતા હોય ત્યાં પ્રભુ આપણને નિરોગી બનાવે છે. આજકાલ કોરોનાના રોગમાં મારી આજીવિકા સમા પાના-મસાલાના ગલ્લા પાસે હું સ્વચ્છતા રાખીશ તો હું અને મારા ત્યાં આવતાં લોકોનું સ્વાસ્થ્ય સારું રહેશે, તેવું ગાંધીનગરના એસ.ટી.ડેપો સામે પાન-મસાલાનો ગલ્લો ચલાવતા શ્રી ભરતભાઈ કે. પટેલે જણાવ્યું હતું.

પાન- મસાલાનો ગલ્લો ચલાવતા ભરતભાઈ કે. પટેલે જણાવ્યું હતું કે,ઓછું ભણ્યા છે, બાપ-દાદાની જમીન ભાગમાં આવી છે, તેમાં ખેતીવાડી કરીએ છીએ. પરંતુ મારા પરિવારનું સારી રીતે ગુજરાન ચલાવવા અને બાળકોને સારું શિક્ષણ આપવા ના




છુટકે ઝેર રૂપી તમાકુ મિશ્રિત પાન-મસાલા અને ગુટખાનો વેપાર કરવો પડે છે. સાથે સાથે ચોકલેટ અને નાસ્તાના પડિકા વેચીએ છીએ. તેઓએ પોતાના મનની વાત કરતાં કહ્યું કે મને કોઈપણ વ્યક્તિ પાન – મસાલો લેવા મારા ગલ્લા પર આવે તેના કરતાં નાસ્તાનું એક પડિકું વેચવામાં આનંદ વધારે આવે છે. પહેલેથી હું મારા ગલ્લાની આસપાસ સ્વચ્છતા રાખતો હતો.

પણ કોરોના વાયરસની મહાબિમારીમાં સરકાર અને જિલ્લા વહીવટી તંત્રની ગાઈડલાઈન અનુસાર મને જાણવા મળ્યું કે, થૂંકવાથી પણ કોરોના ફેલાઈ શકે છે, ત્યારથી મારા ગલ્લાની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા વધુ રાખવાની શરૂઆત કરી છે. તેમજ લોકોમાં જાગૃત્તિ આવે તેમજ લોકો પાન-મસાલો ખાઈને જાહેરમાં થુંકે નહિ તે માટે મારા ગલ્લા પાસે આટલું મોટું જાગૃત્તિનું બોર્ડ માર્યું છે. જેનાથી મને બે ફાયદા થાય છે.. લોકો વાંચીને જરાક હસી- મજાક કરીને પોતાનો કચરો આપો આપ કચરાપેટીમાં નાખે છે અને થુંકવા જતા અટકાય છે. તેમજ મારા અને મારા ગ્રાહકો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ પણ જળવાઈ રહે છે. તેમજ એકલું માસ્ક ન પહેરવાથી દંડ વસૂલ થતો નથી.. જાહેરમાં થુંકવાથી પણ દંડ વસૂલ થઈ શકે છે, તેવો સરકારનો મેસેજ પણ સરળતાથી લોકો સુધી હું આપી શકું છું.. મને પણ કોરોના સામેના જંગમાં એક વોરિયર્સ હોવાનો આનંદ આવે છે.

## ચિરવિદાય

- સ્વ. ખમાર ભરતભાઈ ગોવિંદભાઈ, ઉ.વ. ૬૫, મુ. આંબલીયાસણ, જી. મહેસાણા
- સ્વ. ધર્માદેવી W/o હરીરામ, ઉ.વ. ૫૭ સી.આર.પી.એફ. કેમ્પ, ગાંધીનગર
- સ્વ. વાઘેલા વનરાજ સોનલસિંહ, ઉ.વ. ૫૨, મુ. પેથાપુર
- સ્વ.સોલંકી ગજીબેન ભલાજી, ઉ.વ. ૮૦, આલમપુર, જી. ગાંધીનગર
- સ્વ. પરમાર નીતાબેન હેમંતકુમાર, ઉ.વ. ૪૭, સેકટર-૨-બી, ગાંધીનગર
- સ્વ. કાન્તીજી મગનજી ઠાકોર, ઉ.વ. ૬૧, મુ. પેથાપુર
- સ્વ. નારાયણભાઈ સાંકળચંદ પટેલ, ઉ.વ. ૭૭, મુ. માણસા, જી. ગાંધીનગર

# આઈબ્રો થ્રેડીંગ વર્ક માટે મહિલાઓની ચિંતા દૂર કરતો નવો ઈનોવેટિવ આઈડિયા

**ક્લાયન્ટને સૌથી નજીકથી કરવા પડતાં આઈબ્રો થ્રેડીંગ માટે બ્યુટિશિયન્સ પણ અવઢવમાં હતા**

**ગાંધીનગરના બ્યુટિશિયન ભાવના રામીએ આઈબ્રો થ્રેડીંગ માટે નવો પ્રયોગ અજમાવ્યો**

## કેવી રીતે કામ કરે છે આ ઇનોવેટિવ આઇડિયા?

બ્યુટિશિયન ભાવના રામીએ જણાવ્યુ હતું કે, 'મેં એક એવો થ્રેડીંગ બેલ્ટ બનાવ્યો છે જેમાં નિશ્ચિત ભાગે એક ખાસ પ્રકારનો હૂક લગાડ્યો છે જેના પર થ્રેડને બાંધીને હું આઈબ્રો થ્રેડીંગનું કામ કરું છું. કામ દરમ્યાન ક્લાયન્ટને તો માસ્ક ફરજિયાત હોય જ છે અને આઈબ્રો થ્રેડીંગ કરવા માટે હું પહેલા મારા ચહેરા પર માસ્ક પહેરી લઉં છું અને ત્યારબાદ તેની ઉપર થ્રેડીંગ બેલ્ટને પહેરી આઈબ્રો થ્રેડીંગ કરું છુ જેના કારણે હું પણ સુરક્ષિત રહી શકું છું અને ક્લાયન્ટ પણ પોતે મારાથી સુરક્ષિત રહે છે.'



ગાંધીનગર, તા.૧૪

કોરોના કોવિડ-૧૯ વાયરસને કારણે ફેલાયેલી કટોકટીમાં છેલ્લા પાંચેક માસથી દેશભરમાં ચિંતાની સ્થિતિ સર્જાઈ છે. આ સ્થિતિમાં મહિલાઓ માટે બ્યુટી પાર્લરનો વ્યવસાય પણ જે ઘણા સમયથી ઠપ્પ હતો તે ફરી હવે ધીમે ધીમે શરૂ થઈ રહ્યો છે અને આ વ્યવસાયમાં પણ ઘણા બધા પરિવર્તનો આવ્યા છે. બ્યુટી પાર્લરના વ્યવસાયમાં આઈબ્રો થ્રેડીંગનું કામ કારતી વખતે થ્રેડને બ્યુટિશિયને પોતાના મોમાં રાખીને ક્લાયન્ટના ચહેરા પર કામ કરવાનું હોય છે જે સ્થિતિમાં તે ક્લાયન્ટને તો માસ્ક પહેરાવી શકે પરંતુ પોતે માસ્ક પહેરી શકવા અસમર્થ હોય છે. આ સ્થિતિમાં મહિલાઓ આઈબ્રો થ્રેડીંગનું કામ કરાવવાનું જોખમ લેવા તૈયાર નહોતા થતાં જે બાબતે ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં 'રામી બ્યુટી કેર'ના બ્યુટિશિયન ભાવના રામીએ એક ઈનોવેટિવ પ્રયોગ કરીને તેમની આ મુશ્કેલીને દૂર કરી છે.

રામી બ્યુટી કેરના બ્યુટિશિયન ભાવના રામીએ જણાવ્યુ હતું કે, 'પહેલા તો બ્યુટિશિયને તેના ક્લાયન્ટની ખૂબ નજીક રહીને કામ કરવું પડતું હોવાથી બ્યુટિશિયન્સ દ્વારા પણ પોતે અને ક્લાયન્ટે ફરજિયાત માસ્કનો ઉપયોગ કરવો, કામ શરૂ કરતાં પહેલા અને પછી તેમજ કામ દરમ્યાન પણ વારંવાર તમામ સાધનો સેનેટાઈઝ કરવા જેવા સુરક્ષાના પગલાં લઈને અમે કામ શરૂ કર્યુ છે. જો કે આ દરમ્યાન આઈબ્રો થ્રેડીંગ કેવી રીતે કરવું તે અંગે અમને અને ક્લાયન્ટને પણ ખૂબ મૂંઝવણ હતી અને તેના માટે વેક્સ આઈબ્રોનો વિકલ્પ છે પરંતુ તે થ્રેડીંગ કરતાં મોંઘું પડતું હોવાથી દરેક ક્લાયન્ટને તે પોસાય તેમ નથી હોતું. આ સ્થિતિમાં મે ઘણો વિચાર કરીને એક એવો વિકલ્પ તૈયાર કર્યો છે જેમાં આઈબ્રો થ્રેડીંગ જ કરવા છતાં અમારે થ્રેડને મોમાં રાખવો નથી પડતો અને આઈબ્રો થ્રેડીંગ કરતી વખતે પણ માસ્કનો ઉપયોગ આસાનીથી કરી શકું છું. મારો આ પ્રયોગ બ્યુટી પાર્લરનું કામ કરતી દરેક બ્યુટિશિયન્સ માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.' હવે મહિલાઓ તેમની પાસે આઈબ્રો થ્રેડીંગ હોંશે હોંશે કરાવે છે અને ત્યારે ક્લાયન્ટ અને બ્યુટિશિયન બંને સુરક્ષિત પણ રહી શકે છે.

# ક-૬ સર્કલ પાસેથી ૭૩૫ લીટર કેમીકલ ભરેલુ ડાલુ પોલીસે ઝડપી પાડ્યું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના ક-૬ સર્કલ પાસેથી સેકટર-૨૧ પોલીસે જીપડાલામાં કેરબામાં ભરી લઈ જવાતુ ૭૩૫ લીટર શંકાસ્પદ કેમીકલના જથ્થા સાથે જીપડાલાના ચાલકને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો સાંજના સમયે પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સકેટર-૨૫ જીઆઈડીસી થી ક-૬ સર્કલ તરફ જવાના માર્ગ પર પોલીસે જીપડાલા નં. જી.જે.૦૨. એકસ.એકસ.-૮૯૯૧ શંકાસ્પદ લાગતા ઉભુ રખાવીને ચેક કર્યું હતું. જેમાંથી પોલીસને પ્લાસ્ટીકના ૨૧ કેરબામાં ભરેલુ ૭૩૫ લીટર પ્રવાહી મળી આવતા પોલીલે બીલ અને કાગળો માંગતા ચાલકે નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ. ૨૫,૭૨૫ નું કેમીકલ અને જીપડાલુ કિં.૩ લાખ મળીને કુલ રૂ.૩,૨૫,૭૨૫ નો મુદ્દામાલ કબ્જે કરી ચાલક ચિરાગ અશ્વિનભાઈ કડીયા રહે. ઉમીયાનગર વિજાપુર તા. વિજાપુર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



દરેક ઋતુના એક ખાસ ફળ હોય છે. હાલમાં વરસાદી સિઝન શરૂ થતાં બજારમાં જાંબુ અને રાસબરી જેવા ખટ્ટ મીઠ્ઠા ફળોની સિઝન જામી છે. લારીઓ પર તેના ઢગલે ઢગલા જોવા મળી જાય છે. જો કે આ અવનવા ફળો થોડાક મોંઘા જરુર છે પરંતુ તેનો સ્વાદ તો સિઝન દરમિયાન એકાદ-બે વખત તો ચોકકસ માણી શકાય.

# મીના બજાર ખાતે લાયન્સ કલબ ઓફ ફોર્ટનું માસ્ક-સેનેટાઈઝર વિતરણ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના લાયન્સ કલબ ઓફ ફોર્ટ દ્વારા કોરોના મહામારીને નાથવાના પ્રયાસ રૂપે જુના સચિવાલય પાસેના મીનાબજાર ખાતે માસ્ક સેનેટાઈઝર વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

અનલોક-૨ના ગાળામાં કોરોના કેસોની સંખ્યા દિન પ્રતિદિન મોટો આંકડો ધારણ કરતી જાય છે અને આ સ્થિતિમાં શહેરીજનોમાં ચિંતાનો માહોલ સર્જાઈ રહ્યો છે. બીજી તરફ શહેરની સેવાભાવી સંસ્થાઓ સતત જાગૃતિ ફેલાવવા સાથે




નાગરિકોને મદદરુપ થવા તત્પર જોવા મળી રહી છે. પાટનગરની લાયન્સ કલબ ઓફ ફોર્ટ દ્વારા જુના સચિવાલય પાસેના મીનાબજાર ખાતે આ અંતર્ગત વેપારીઓને કોરોના વાયરસથી સલામતી મળી રહે તેમજ સાવચેતી માટે ગંભીર બને તે હેતુથી માસ્ક અને સેનેટાઈઝરની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થા દ્વારા માસ્ક અને સેનેટાઈઝરની ૨૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો તથા સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જેમાં લાભશંકર જોષી, અશોક ત્રિવેદી, અનિલગીરી ગોસ્વામી, ભદ્રેશ દવે, રાજેશકુમાર ભાવસાર, સિતાંશુ જોષી તથા હરિભાઈ સોલંકીએ સેવા આપી હતી.